ચાહતે હૈં હમ કિ તોડ દેં શીશા ફરેબકા.

Regd. No. B. 2131.


૪ વર્ષ
શ્રાવણ
૧૯૮૫

હિંદુ ધર્મપત્રિકા.

અંક ૪
ઓગસ્ટ
૧૯૨૯

(માસિક)

તંત્રી, મુદ્રક, પ્રકાશકઃ–ચંદ્રમણિ મોતીલાલ, 'આર્યકુમાર' પ્રેસ કારેલીબાગ, વડોદરા તા. –૨૭–૮–૨૯



શ્રીમંત મહારાજા સાહેબ ગાયકવાડ આર્યકુમાર આશ્રમ ખુલ્લું મૂકે છે. ઇ. સ. ૧૯૨૫.

ચાહતે હૈં હર્મ કિ તોડ દેં શીશા ફરેબકા.

Regd. No. B. 2131.

૪ વર્ષ
શ્રાવણ
૧૯૮૫

હિંદુ ધર્મપત્રિકા.

(માસિક)

અંક ૪
ઓગષ્ટ
૧૯૨૯

તંત્રી, મુદ્રક, પ્રકાશક:-ચંદ્રમણિ મોતીલાલ, 'આર્યકુમાર' પ્રેસ કારેલીબાગ, વડોદરા તા. ૨૭-૮-૨૯



શ્રીમંત મહારાજા સાહેબ ગાયકવાડ આર્યકુમાર આશ્રમ ખુલ્લું મૂકે છે. ઇ. સ. ૧૯૨૫.

ચાહતે હૈં હમ કિ તોડદેં શીશા ફરેબકા.

ભારતવર્ષમાં હિંદુ અને મુસ્લીમોમાં દેખાતા વેરભાવનું કારણ માત્ર મુસ્લીમોની પેન-ઇસ્લામી ચળવળજ છે. મોર્લીમીંટો સુધારા દાખલ કરતી વેળા સરકાર તરફથી સર સયદ અહમદને મુસ્લીમોની જુદી માગણીઓ વ્યકત કરવાની સૂચના થઇ હતી. મોર્લીમીંટો સુધારા પછી મુસ્લીમલીગની સ્થાપના થઇ. ભારતના પછાત મુસ્લીમોને આગળ લાવવા પ્રયત્નો થયા. આજ અરસામાં અલીગઢ મુસ્લીમ કોલેજની સ્થાપના થઇ. અલીગઢના યુવકો નવો ઇસ્લામી જોશ પ્રાપ્ત કરી ભારતમાં પુનઃ ઇસ્લામી ઝુંડો ફરકાવવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યા. આ પેન ઇસ્લામીઝમને થોડા વખતમાં બે વકીલો મળ્યા. એક મૌલાના શૌકતઅલી ને બીજા મૌલાના મહમદઅલી, તેઓ તેના મોટા પ્રચારક બન્યા. કોમરેડ અને હમદર્દ પત્રોમાં મુસ્લીમ મનોવૃત્તિને અલી બંધુએ પોષવા લાગ્યા, મહાયુદ્ધવેળા અંગ્રેજ સરકાર દ્વારા મુસ્લીમ રાજ્યોને રાષ્ટ્રોની કેવી પડતી થઇ છે તે માટે Choice before Turkey નામક લેખ મૌલાનામહમદઅલીએ લખ્યો, અને તેમાં જણાવ્યું કે તુર્કીએ જર્મનીનો પક્ષ લીધો છે, તે બરાબર કર્યું છે. આ લેખપરથી તેમને નજરકેદ કરવામાં આવ્યા. આ પછી મ. ગાંધીજીએ પંજાબના અત્યાચારો વિરૂદ્ધ ચળવળ માંડી, ગાંધીજીને હિંદુ અને મુસ્લીમ બંને પક્ષોની જરૂર હતી, પરંતુ મુસ્લીમોને સાથે કેવી રીતે લેવા એ એક સમસ્યા હતી, આવામાં તુર્કીના ખીલાફતના મામલામાં મુસ્લીમો અધીરા બન્યા હતા, મહાત્માજીએ અલીબંધુઓને સાથે લીધા, બીચારા હિંદુઓએ તો રાષ્ટ્રને નામે ઝંપલાવ્યું, પરંતુ મુસ્લીમો કેવળ ખીલાફતને નામેજ ભળ્યા, હિંદુઓએ પૈસા આપ્યા, હિંદુભકતો ખીલાફતને નામે ગળગળા થઇ ગયા. ખીલાફતને નામે ભારતીય મુસ્લીમોનું એક જબરજસ્ત સંગઠન ઉભું થવા માંડ્યું.

ખીલાફતી મનોવૃત્તિ પેન -- ઇસ્લામીઝમ ને પોષનારી હોવાને લીધે અલીબંધુઓ ગાંધીજીના જમણા ડાબા હાથ બન્યા. આમ મુસ્લીમોનું સંગઠન કરી અલીબંધુઓ ખુબ મલકાયા. ખીલાફતી આ મનોવૃત્તિએ મુસલમાનોની ધર્માન્ધતાને ખુબ ઉશ્કેરી મુકી. મલબારમાં અલી મુસલીઅરે ખીલાફત રાજ્ય સ્થાપી અનેક હિંદુ સ્ત્રી પુરૂષ બાલકોની સુન્નત કરી જે ભીષણ અત્યાચારો કર્યા તેથી દેશને એક જબરજસ્ત આચકો લાગ્યો. ખીલાફત ચળવળે કેવો ભાગ ભજવ્યો છે તે હિંદુઓએ પહેલીજવાર મલબારમાં જોયું. ધાર્મિક જોશના આવેશમાં ખીલાફતીઓ વાતવાતમાં હિંદુઓ તરફ ધુરકીયાં કરવા લાગ્યા. મુલતાન, સહરાનપુર વગેરે સ્થળોમાં ખીલાફતી મનોવત્તિ નગ્ન સ્વરૂપમાં પ્રકાશી નિકળી. હિંદુઓની આંખો ઉઘડી. સંખ્યાબળ વધુ હોવા છતાં આંતરિક ભેદભાવ અને શારીરિક નિર્બળતાને લીધે હિંદુઓ એ સ્પષ્ટ જોઇ શકયા કે તેમની દશા બીલકુલ કફોડી છે, ખીલાફતના અત્યાચારથી મલબારમાં વટળી મુસલમાન બનાવવામાં આવેલા હિંદુઓની શુદ્ધિની આવશ્યકતા સનાતની નેતાઓને પણ સમજાઇ. કરવીર પીઠના જગદગુરૂ શંકરાચાર્યે પણ આમાં ભાગ લીધો હિંદુઓ પહેલીજવાર આ કાળમાં સમજી ગયા કે બળ કે છળથી વટલેલા પાવન થઇ શકે છે. આ દરમ્યાન રાજપૂત [illegible] એ સેંકડો વર્ષ પૂર્વે વટ નામ માત્રના મુસ્લીમ બનેલા મલકાનાઓની શુધ્ધિ કરી, તેમને પોતાની રાજપૂતી બીરાદરીમાં મેળવી લેવાની ઉદારતા બતાવી. પરિણામે સ્વ. હૂતાત્મા સ્વા. શ્રધ્ધાનંદજીની સરદારીમાં શુદ્ધિઓ મોટાપાયાપર ચાલી. શુદ્ધિથી ખીલાફતી મુસલમાનો ચોકયા. મેલટ્રેનની ઝડપથી ચાલતી તેમની પાન ઇસ્લામીઝમની પ્રવૃત્તિને આ મોટો અકસ્માત નડયો, અને શુધ્ધિના વિરોધ અર્થે મુસ્લીમોએ અનેક પ્રયત્નો કર્યા—છેલ્લા નવા સુધારાથી કોમી પ્રતિનિધિત્વનું નવું તત્ત્વ દાખલ થયું, એટલે સંખ્યા બળ વધારવાની મુસ્લીમોને ફીકર પડી. હિંદુસમાજમાં આ વેળા સારી જાગૃતિ આવી, શુદ્ધિ અને સંગઠનની પ્રવૃત્તિ દેશમાં સર્વમાન્ય થઇ. કોંગ્રેસ પરથી ખીલાફતી મનોવૃત્તિનું આવરણ ઓછું થયું, પરંતુ નાની નાની નકામી વાતો ઉભી કરી મુસ્લીમો

પોતાનું બળ અજમાવવા લાગ્યા; મસીદ અને વાજાંને ભયંકર સ્વરૂપ આપવામાં આવ્યું, મુસ્લીમો ઝટ લાકડીઓ લાકડીઓ ઉછાળવા મંડી પડયા. મુસ્લીમ જોહુકમી વધી પડી, સ્વામી શ્રધ્ધાનંદજીના ગોળીબાર પછી આર્ય-સમાજીસ્ટ આગેવાનોનાં ખુનો થયાં, તેમને ધમકીઓ અપાઇ અને મુસ્લીમોએ એમ ધાર્યું કે ભાઇબંધ કોમ આથી ડરી જશે, મુસ્લીમ બહુમતિવાળા કોહાટ, સિંધ અને પૂર્વ બંગાળા વાળા ભાગોમાં મુસ્લીમોએ નિર્દયતા પૂર્ણ વર્તન ચલાવ્યું, સ્વરાજ્યનો એક નવો અર્થ મુસ્લીમોના ફળદ્રુપ ભેજામાં ઉત્પન્ન થયો. શંકાઓ જન્મી, સ્વરાજ્ય એટલે લોકોની બહુમતીથી ચાલતું રાજ્ય, અને દેશમાં બહુમતી તો હિંદુની છે. અને સ્વરાજ્ય એટલે હિંદુઓનું રાજ્ય એ વિચિત્ર ભ્રમણા એમના મગજમાં જન્મી, આ બીકને પહોંચી વળવા તેમણે નવી યુકિતઓથી કામ લીધું. તેઓ કહેવા લાગ્યા કે સ્વરાજ્યના કારોબારમાં પંજાબ બંગાળ; સિંધ, બલુચિસ્તાન; અને સીમા પ્રદેશ એમ ત્રણ નવા પ્રાંતો રચવા, અને તેમાં રહેલી મુસ્લીમ બહુમતીને દરેક રીતે સ્વતંત્ર અધિકારો આપવા. મધ્ય વર્તી કારોબારમાં હિંદુ બહુમતીને પંગુ કરવા કે જગાઓની અમેરિકાની નકલે ફેડરલ ગવર્મેંટને આધારે હકો માટે માગણી કરી. તેમણે જણાવ્યું કે ભારતવર્ષનાં બે ભાગલાં પાડવાં. એક મુસ્લીમ હિંદ બીજું હિંદુ હિંદ. લોર્ડ બર્કન હેડની ચેલેંજના જવાબમાં કોંગ્રેસ તરફથી નહેરૂ બંધારણ રજુ થયું, ત્યારે ખીલાફતી મનોવૃત્તિને આચકો લાગ્યો, અને જીણાનાં જાણીતાં ૧૪ તત્વો ફરી દેશ આગળ રજુ કરવામાં આવ્યાં. અલીબંધુઓએ નેહરૂ રીપોર્ટ વાંચી દેશના મુસ્લીમોને ભડકાવ્યા, આજે હુલ્લડો થાય અથવા મુસ્લીમોની નારાજીની મીટીંગો થાય તો તેમાં અંદર રહેલી વૃત્તિ ખીલાફતી મનોવૃત્તિજ છે.

છેલ્લી મુંબઇ હુલ્લડ તપાસ સમિતિ આગળ જુબાની આપતાં દરેકે દરેક મુસ્લીમે આર્યસમાજ અને હિંદુસભાનેજ હુલ્લડના કારણ રૂપ બતાવી. કોઇ સબળ કારણો ન બતાવી શકયા, પણ એટલું તો જણાય છે કે હિંદુઓને જાગૃત કરનારી આ બંને સંસ્થાઓ તેમને શૂળ સમાન ખુંચી છે, મુસ્લીમોનો સહકાર મેળવવા તલપાપડ થઇ રહેલા હિંદુઓ હવે જરા સમજ્યા. ખીલાફતી મનોવૃત્તિને રાષ્ટ્રવાદી હિંદુઓની ચોકખી વાતો હિંદુસભાની મનોવૃત્તિ દેખાઇ, અને મુસ્લીમો હવે હિંદુસમાજ વિરૂધ્ધ જબરજસ્ત પોકાર ઉઠાવી રહ્યા છે,

ખરૂ જોતાં આર્યસમાજ કે હિંદુસભા કોઇપણ દ્વેષ ભાવ માટે જવાબદાર નથી, બંને સમાજ અને સભાની પ્રવૃત્તિથી ખીલાફતની મનોદશાને જબરો ધકકો પહોંચ્યો છે એટલે તેઓ બંને સમાજોને નાશ કરવા સ્કીમો રચી રહ્યા છે,

ભારતવર્ષમાંના ઝગડાનો અંત કેમ આવે એ પ્રશ્ન રહે છે, હિંદના મુસ્લીમો અમાનુલ્લાહ અને કમાલપાશાની મનોવૃત્તિવાળા થાય તો આ ઝગડાઓનો અંત આવી જાય. પહેલો ખુદા અને પછી મુલ્ક'ની વાતો કરનારા મુસ્લીમો પાખંડી છે, તેમની ખીલાફતી અને પાન ઇસ્લામીક મનોવૃત્તિ ઉપરનું આવરણ હવે તૂટી ગયું છે,

તહકીક હકકે વાસ્તે બાતલકો છોડકર ચાહતે હૈ હમકિ તોડ દે શીશા ફરેબકા

ખુદા, ઇસ્લામી મઝહબ વગેરે વાતો, ફકત મુસ્લીમ રાજ્ય સ્થાપવા અથવા મુસ્લીમ હકુમત સ્થાપવા માટે ફરેબી આવરણ છે. સચ્ચાઇની ખાતર અમે તે તોડી નાખીએ છીએ.

—આનંદપ્રિય આત્મારામ પંડિત.

ગુજરાતના હિંદુ બંધુઓ !

શાહબલિદાન દિવસ ઉજવો.

તા. ૧૮ મી સપ્ટેંબર અને ૧૯ મી સપ્ટેંબર યાદ રાખો.

શાહના અંતિમ શબ્દો દરેક હિંદુ હૃદયમાં કોતરી રાખે.

ગોધરામાં તા. ૧૮-૯-૨૮ ને દિવસે ગયે વર્ષે મુસલમાનોએ હિંદુઓપર હુમલો કર્યો હતો. તે દિવસે પ્રાતઃકાળે ડો. માણેકલાલને ત્યાં સવારે ધર્મવીર પુરૂષોતમદાસ શાહે નીચલા શબ્દો કહયા હતા. 'પોતાના પવિત્ર હકકોને માટે જાતનું બલિદાન આપવાનો વખત હિંદુઓને માટે આવ્યો છે. સરકાર આપણા સંબંધમાં ઢીલી દેખાય છે પણ તેથી આપણે નાસી પાસ થવું ન જોઇએ. આ બધી હરકતો અને અડચણો આપણે હિંમતથી સહન કરવી જોઇએ, અને આપણા માણસોના બચાવને માટે આપણે આપણું લોહી વહેડાવવા તૈયાર થવું જોઇએ. મને તો ચોકકસ લાગે છે કે ગોધરાના હિંદુઓ મુસલમાન ગુંડાઓની બદમાસી સામે પોતાના પગ ઉપર મજબુત ઉભા રહેવાની તાકાત નહિ મેળવે તો કોઇ દિવસ સુખી થવાના નથી, મને ગોધરાના હિંદુઓની દયા આવે છે અને એમની સેવા કરતાં કરતાં જો મને મરણ આવે તો હું માથા ઉપર લાકડીના ફટકા અને છાતી ઉપર ઘા ખમતો સંતોષથી મરીશ. ડરપોક અને નામર્દ હિંદુઓને હવે આ દુનીઆમાં જીવવાનો હક નથી.'

મુસલમાનોએ પત્થરો, લાકડીઓ અને આડા તેમજ હથીઆરોથી હુમલા કર્યાં ત્યારે સ્વ. શાહ અડગ ઉભા રહયા અને બુલંદ અવાજે બોલ્યાઃ આવી ગુંડાગીરીથી તમારો ધર્મ નથી ચાલવાનો. તમે અમારાં ખુન કરવાના છો, તે ભલે કરો. અમારાં લોહીનાં ટીપાંમાથી તમે હજારો દુશ્મન પેદા કરશો'

તેમનાપર હજારો ડાંગો પડી—તે તો અડગ રહયા ને જોરથી કહ્યું:

હીચકારાઓ તમારે જેટલો મારવો હોય, તેટલો મારી લો. હિંદુઓ હીજડા નથી કે નાસી જાય.'

ખુની હુમલાએ પુરૂં સ્વરૂપ પ્રકાશ્યું: શ્રી શાહે, શ્રી વામનરાવને કહ્યું: Don't run, Don't weep; નાસશો નહિ, રડશો નહિ'

બધા બેભાન પડયા.

તા ૧૮ મીએ સ્વ. શાહને મરણતોલ માર પડયો. ૧૯ મીએ તેઓ સ્વર્ગસ્થ થયા.

બલિદાનની વેદીપર હુતાત્મા શાહે પોતાનું રકત સિંચ્યું છે ને તેઓ આપણા કર્તવ્યની દિશા બતાવી ગયા છે.

આ બંને દિવસોએ ગુજરાતના હિંદુ પોતાના સામાજિક અને રાજનૈતિક બળોના સરવૈયાં તપાસે ને સ્વ, શાહનો બલિદાન દિવસ ઉજવે.

હિંદુ સભા કેમ ખુંચે છે ?

હિંદુ સભાની પ્રવૃત્તિ મુસ્લીમોને ખુંચે એ સ્વાભાવિક છે. આજ લગી હિંદુઓની સ્ત્રીઓ વટળે, હિંદુઓના અધિકારો ઝુટવી લેવાય, હિંદુઓને દબડાવવામાં આવે, તો પણ બીચારા હિંદુઓ કાંઇપણ બોલતા નહોતા. રાજકિય ક્ષેત્રમાં પણ હિંદુઓ ઉદારતા રાખતા પણ મુસ્લીમો બેફામ બની અત્યાચારો કરવા લાગ્યા. મલબારમાં શરીયત પ્રમાણે અલીમુસલીઅરે રાજ્ય સ્થાપ્યું. સહરાનપુરમાં હિંદુઓની સાથે નિર્દયી વર્તણુક ચલાવી, આમ અનેક દાખલા બનવાથી આત્મ-રક્ષણ અને અધિકારની રક્ષા માટે હીંદુઓ ઉભા થયા એટલે આ ભાઇબંધ કોમને ખોટું લાગ્યું: હીંદુઓ અખાડા કેમ કાઢે ! હીંદુઓ પોતાના વટળતા લોકને શુદ્ધ શું કામ કરે ? અમારો તો વટાળવાનો કદમી અધિકાર છે. હીંદુઓની શુધ્ધિની ચળવળ તો નવી છે. તેને દાબી દો. એથી અમારૂં મન દુઃખાય છે વગેરે.

આતો એક ચોરની વાત જેવું થયું. દર વરસે ખેતરમાંથી મોસમમાં કેરીઓ ઉતારી લઇ જાય, અને માલીક વાડ કરે તો ચોરભાઇ ફરીયાદ કરે કે તમને વાડ કરવાનો અધિકાર નથી. આ માટે અમારે શું કહેવું ?

મજુરોની એક સાધારણ હડતાળને શૌકતઅલીએ કેવું સ્વરુપ આપેલું તે પર મુસ્લીમ કમીટી ઢાંક પીછોડો કરવા ફાંફાં મારી રહી છે.

—નારાયણલાલ બંસીલાલ પીત્તી.

પીરાણાપંથ તો ચોકખો મુસલમાની સંપ્રદાય છે.

થોડાં વર્ષ પર સૌથી પહેલાં આનંદપ્રિયજીએ પ્રયાગના અભ્યુદયમાં પીરાણાપંથ વિષે લેખો લખી હિંદુ જનતાને સચેત કરી હતી કે આ પંથ તો ઇસ્લામી છે. તેમના લેખો પરથી જલગામ ખાતેના કણબી મરાઠાઓએ પોતાની નાતમાંથી તોતારામ ફદુ અને તેના ૪૦ સાથીદારોને પીરાણાપંથ ના પાળવા માટે નાતબહાર કર્યા હતા. તોતારામ ફદુ પૈસાદાર હોવાથી તેણે નાતના નાતબહાર કરવાના ઠરાવ વિરુધ જલગામ કોર્ટમાં ફરીઆદ કરી હતી અને એવું જણાવેલું કે પારાણાપંથ તો વૈદિક પંથ છે. તે વેળા આ કેસમાં પીરાણાપંથ વિદારક ધાટપરકોવાળા શ્રી નારાયણજી રામજી કંટ્રાકટર વગેરે અને વડોદરેથી શ્રી પં. આનંદપ્રિયજી વગેરે સાક્ષી આપવા ગએલા. લંબાણપૂર્વક આ કેસ ચાલ્યા પછી ફર્સ્ટકલાસ સબ જજ મી. ખારકરે આ કેસો કાઢી નાખ્યા હતા. તેમણે ચુકાદામાં જણાવ્યું હતું કે સત્પંથના રીવાજો અને ક્રિયાઓ વૈદિકધર્મની વિરુદ્ધ છે. ન્યાતના લોકોને નાત બહાર કરવામાં પંચો વાજબી છે. આ પછી પીરાણાપંથને જબરો ફટકો લાગ્યો હતો. આ ઉપરાંત શ્રી. નારાયણજી રામજી કંટ્રાકટરની પ્રવૃત્તિ અને વડોદરા હિંદુસભાની ગુજરાતમાં ચાલી રહેલી ચળવળને પરિણામે સખ્યાબંધ શુદ્ધિઓ થઇ હતી. સેંકડો ભાઇઓએ આ પંથ સદાને માટે ત્યાગી દીધો છે.

હમણાં પણ ઘણે સ્થળે પીરાણાપંથ હિંદુધર્મ છે એવી ચર્ચા અમે સાંભળીએ છીએ ત્યારે અમને હસવું આવે છે. પીરાણાપંથ ચોકખો મુસલમાની પંથ છે. તેને માનનારા ચોકખા મુસલમાન છે. ને તેમાં જરાતરા વિશ્વાસ મુકનારા પણ ઇસ્લામી પંથે વળી રહયા છે એમ કહયા વિના ચાલતું નથી. માટે જે હિંદુઓ આ પંથના હોય અથવા આ પંથની માન્યતામાં વિશ્વાસ રાખતા હોય તેમણે વેળાસર ઇસ્લામી પંથને નવગજના નમસ્કાર કરી દઇ શુદ્ધિ કરાવી શુદ્ધ હિંદુ બની જવું.

—ચન્દ્રમણિ મોતીલાલ.

સતપંથ ઉર્ફે શઠપંથની સચ્ચાઇ
અથવા
મોટામીયાંના એજંટ ફકીર સુફી મહમદની ચતુરાઇ.

(પત્રિકાના ખાસ ખબરપત્રી તરફથી)

(૨)

પત્રિકાના ગયા અંકમાં અમે પીર મોટામીયાંનાં એજંટ ફકીર સુફીમહમદ પીર સતપંથ (શઠપંથ) ની ડુબતી નૌકાને બચાવવા કાનમના બાર ગામમાં કેવાં કેવાં ગુલબાંગો ઉડાવી રહ્યા છે તેના નમુના આપેલા. તેઓ આગળ ચાલતાં શું કહે છે તે જુઓ !

પીરાણાપંથ ને હિંદુશાસ્ત્રોનો આધાર બતાવી વચનો ટાંકી આ ધતીંગીઓ સુફી ફરમાવે છેઃ—

ઉતીર્ણવેદમાં જણાવ્યું છે કે પેદા કરનાર અલ્લાહ અને રસુલ મહમદ છે. તેમની બરોબર તાકાતવાળો કોણ છે !"

ઉત્તીર્ણવેદ આ ફકીરના ફળદ્રુપ ભેજામાંથી રચાયો હશે. બાકી હિંદુશાસ્ત્રોમાં આવો ગ્રંથજ નથી. લાગે છે કે આવાં જુઠાણાં ઉપજાવ્યા વિના તેમનું ફકીરી ટ્ર કદાચ ગબડી પડે.

આગળ તેઓશ્રી ફરમાવે છે કે 'અથર્વવેદના મંત્રમાં જણાવ્યું છે કે 'તેમનું નામ એહ છે.' વળી યજુવેંદના મંત્રમાં મોહમદ નામ જણાવ્યું છે.' વાહરે સુફી ! વેદનો મંત્ર આપ્યા વગર આવી વાતો કરો છો? લાગે છે કે ફકીર મહમદ કાનમના પાટીદારોને સાવ મુર્ખાજ માનતો હશે, નહિતો ગોલા-માર્કેટની આવી ગપો મારે નહિ.

આગળ ચાલતાં આ પાખંડી પીર ઇબારત અનોખી'નો દાખલો આપે છે અને કહે છે. 'ઇબારત અનોખી' નામી પુસ્તક આખા હિંદમાં મશહુર છે. તેમાં જણાવ્યું છે કે 'લા એલાહા ઇલ્લાહો' કહેવાથી પરમ સિદ્ધિ મળે છે, અને જો વૈકુંઠમાં જગા મેળવવી હોય તો મહમદના નામનો વજીફો કરવો."

ઇબારત અનોખી નામની ચોપડી પણ એવાજ કોઇ ધૂર્તાનંદે લખી હશે. તે કચરાપટ્ટીની ચોપડી હશે. હિંદુશાસ્ત્રોનો તેને આધાર નથી.

આગળ ચાલતાં ઇબારત અનોખીની બીજી ભાઇબંધ ચોપડીનું નામ આપે છે.

'ખેલવર્ણ પુસ્તકમાં પહેલા ભાગના બારમા અધ્યાયમાં જણાવ્યું છે કે મોક્ષ દેનાર અવતાર પૃથ્વીના મધ્ય ભાગ (મકકા) શરીફમાં પેદા થશે. દુશ્મનોને મારનાર તાકાતવાન પૃથ્વીના મધ્યભાગમાં તેમનું તારીફ કરેલું નામ (મહમદ) હશે.'

આ ખેલવર્ણ કયા લાલ બુઝકકડ બાવાએ ઘડી છે, એ કોણ જાણે? વળી પૃથ્વીનો મધ્યભાગ મકકા અને મોક્ષ આપનાર મહમદ આ બધી વાતો તાઢાપોરનાં તડાકાવાંળાં ગપ્પાં છે. મકતકા ચંદન ઘસ બે લાલીઆ કોઇના બાપનું શું જવાનું છે? બીચારા ગામડીઆ-ઓને લુટવા અને ભોળા હિંદુઓની હજામત કરવા આ ઉકરડામાંથી ઠીક શાસ્ત્રો ઉપજાવી કાઢયાં છે.

અમે ચેલેંજથી કહીએ છીએ કે ઉપર લખેલી ચોપડીઓ હિંદુશાસ્ત્રની નથી. બાકી આવતાં અંકમાં.

મુસ્લીમ જગત.

સર અબ્દુલ રહીમ.

શાહ અમાનુલ્લાહની હાર માટે સર અબ્દુલ રહીમ લખે છે;

જે દેશદ્રોહીઓ અને જાતિ દ્રોહીઓ વખત આવતાં શત્રુના હાથમાં જતા રહે છે અને પાછળથી દેશ પ્રેમની વાતો કરે છે. તેમને કદી પણ મુસ્લીમ પ્રજા અને નેતાઓએ મદદ કરવી જોઇએ નહિ. કમનસીબે હિંદુસ્તાનના પ્રત્યેક ગામ અને કસ્બામાં આવા દેશ દ્રોહીઓ મુસલમાનોમાં અધિક મળશે. સ્પેનથી માંડી બંગાળા સુધીના મુસ્લીમ રાજયકાળનો ઇતિહાસ, અંગત સ્વાર્થ માટે દેશજાતિ અને આત્માનું બેશરમથી નિકંદન વાળનારા દેશદ્રાહીઓથી કલંકિત છે. હમણાં પણ પ્રકટ કે ગુપ્તપણે આજ થઇ રહ્યું છે. જે લોકો પર સૌથી વધારે વિશ્વાસ કર્યો હતો તે લોકોના વિશ્વાસઘાતનેજ આભારી આ અમાનુલ્લાહની હાર છે. જયાં સુધી આવા લોકો સંસારમાં રહેશે અને જયાં સુધી તેમનાં કાર્યો ઘોર પાપ નહિ મનાશે ત્યાં સુધી મુસલમાનોમાં રાજનૈતિક ઐકય અથવા સંગઠન થવું અસંભવ છે.

જુનાગઢમાં શું ચાલી રહ્યું છે?

જુનાગઢના દીવાન અને વઝીર મે૦ મહમદભાઇ સાહેબ ઘણા બાહોશ, ભલા અને નિખાલસ હૃદયના સજજન ગણાય છે અને જુનાગઢ જેવાં મુસ્લીમ રાજયમાં હિંદુ-મુસ્લીમ બન્ને કોમોને બહુજ સુખ શાંતિથી રહેવાનું મળે છે, એમ અત્યાર સુધી બોલાતું આવ્યું છે, પણ છેલ્લા બે પાંચ વરસ થયાં મુસ્લીમ પરીષદો અને સભાઓમાં ભાગ લેતા થયા પછી મે૦ મહમદભાઇ સાહેબનાં વલણમાં કેટલોક નહિ ઇચ્છવા યોગ્ય ફેરફાર થવા લાગ્યો છે, એમ ઘણા અફસોસની સાથે સાંભળવામાં આવે છે. પ્રથમ નોકરોની પસંદગીની બાબતમાં આવી જાતની ચણભણ સંભળાવા લાગી હતી, હમણાં જેલખાનામાં હિંદુ કેદીઓને મુસલમાન બનાવવાના કીસ્સાઓ સંભળાવા લાગ્યા છે. તેમાં મે૦ મહમદભાઇનું નામ પણ વગોવાવા લાગ્યું છે. ગીરનાર ઉપર જયાં જયાં હિંદુ મંદિરો કે પવિત્ર સ્થાનો છે, ત્યાં ત્યાં ઓલીયાઓ કે પીરોની દરગાહો ખડી કરી દેવાના થવા લાગેલા પ્રયત્નોમાં પણ પીઠ પાછળ મોટાઓનો ટેકો હોવાની અફવાહો સંભળાય છે. મુસ્લીમ રાજય હોવા છતાં, ઉદારતાની તેમજ પોતાની પ્રતિષ્ઠા તથા સલામતીની નજરે જુનાગઢે ઘણાં ગામો અને ખેતરો વીગેરે હિંદુઓને ધર્માદા તરીકે આપેલાં છે. દરગાહો કે પીરના ઓટા વધારી એ દાનમાંથી ભાગ પડાવવાની તજવીજ થવાની છે, એમ કેટલેક ઠેકાણે બોલાય છે. દાન કોને આપવું અને કોને નહીં એ રાજયની પોતાની ઇચ્છાની વાત છે, પણ કોમી ખટપટને અંગે એવી અફવાઓ સંભળાય છે કે જેના સંબંધમાં પુરતી તપાસની જરૂર દીસે છે. મે૦ મહમદભાઇ જેવા દાના વઝીર આવી અફવાહોને માટે જરા પણ સ્થાન રહેવા પામે નહીં એવી રીતે જુનાગઢનો કારોબાર દીપાવે એજ આપણે તો ઇચ્છવું રહ્યું. (મુંબઇ સમાચાર, ૩ ઓગસ્ટ)

ખ્રીસ્તીઓનો ધર્મપ્રેમ.

હિંદુસ્તાનમાં પરધર્મીઓએ ધર્મપ્રચાર માટે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છે, તેમાં ખ્રીસ્તી મિશનરીઓના પ્રયત્ન બધા કરતાં અધિક અને વધારે વ્યવસ્થિ-

તાપણે ચાલે છે. એકલા હિંદુસ્તાનમાં ધર્મપ્રચાર માટે ૭૦૦ ખ્રીસ્તી સંસ્થાઓ છે. તેમાં બ્રિટીશ, અમેરીકન અને જર્મન આગળ પડતી છે. બ્રિટીશ મીશનમાં પૌંડ ૨,૭૬,૯૯,૩૫૩, અમેરિકન મીશનમાં પૌંડ ૯૭,૩૬,૦૮૪ સ્વીડનનોર્વે અને સ્વીટઝર્લાંડના મીશનમાં પૌંડ ૭,૮૦,૯૨૦, કેનેડાના મીશનમાં ૭,૨૨,૦૯૪, જર્મન મીશનમાં ૬૩૯૫, એમ કુલ રૂપીઆ ૫૮,૪૧,૭૨,૬૯૦ એ સંસ્થાઓના પ્રકટ થએલા હેવાલો પરથી ખર્ચ થયું એવો ઉલ્લેખ છે. આ આર્થિક સાધનથી અનેક કામો થઇ રહ્યાં છે. લોકોને ખ્રિસ્તી બનાવવા માટે ૭૨૧૮ દેશી ખ્રીસ્તી અને ૧૮,૭૯૯ ગોરા પાદરીને નીમવામાં આવ્યા છે. આ ગોરા પાદરીઓમાં ૨૧૭૧ પુરુષ, ૧૪૮૧ પરણેલી સ્ત્રીઓ, ૨૪૦૮ કુમારિકાઓ કામ કરે છે. આ સંસ્થાના ખ્રીસ્તી ઉપદેશકો તૈયાર કરવા માટે ૬૧ શાળાઓ ૭૧૪૧ અનાથાલયો, ૧૭૦ શિલ્પ વિદ્યાલયો, ૭૧૩ હાઇસ્કુલો, ૧૫,૮૨૦ રવિવારની શાળા, ૯૮ ખેતીની શાળા, ૫૦ કોલેજો, ૯૪, શિક્ષકો માટેની શાળા; ૪૩ છાપખાનાં, દેવળોના અધિકારી માટે ૬૫ શાળા, ૯૯ વર્તમાનપત્રો, ૪૦૮ દવાખાનાં, ૧૬૯૮ ડાકટરો અને પરિચારિકાઓ (નર્સીસ) અને ૪૮,૦૪૪ શિક્ષકો છે ૫,૨૧,૦૩૬ કોલેજ તેમજ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ, ૭,૮૨,૯૨૪ સભાસદો અને સભાસદના લવાજમના રૂ. ૧૮,૫૩,૦૭૫ મળે છે, (હીંદી કેસરી જુન) ખ્રીસ્તીઓનો સ્વધર્મ માટેનો કેટલો પ્રેમ છે, તે આ આંકડા બતાવે છે.

કોમીવાદી કોણ? હિંદુ કે મુસલમાન?

થોડા દિવસ થયાં મુંબઇમાં એક નવી કોંગ્રેસ મુસ્લીમ પાર્ટી ઉભી થઇ છે. તેનો હેતુ એ છે કે કોંગ્રેસમાં મુસ્લીમો દાખલ થતા નથી એ ભ્રમણાને દૂર કરવી. કોંગ્રેસ મુસ્લીમ પાર્ટીનું નામ સાંભળ્યા પછી બિચારા હિંદુઓ પાણી પાણી થઇ ગયા છે. બધા હિંદુ આગેવાનોએ આ નવી પાર્ટીના ચાલકો અને ઉત્પાદકોને ધન્યવાદ આપ્યો છે. અમે કોંગ્રેસમાં મુસ્લીમ પાર્ટી અને હિંદુપાર્ટી એવાં નવાં સંગઠનો જોવા માગતા નથી. કોમી નામ ધારણ કરી કોમી નાદથી જુદા રહેવાનો ડોળ કરનારી આ પાર્ટી શું કરવા માગે છે તે તપાસીએ:

આ પાર્ટીના એક સભ્ય બોમ્બે ક્રોનીકલના તંત્રી મિ. બ્રેલવી છે. તેમણે મુંબઇમાં જીન્હા હોલમાં ભાષણ આપતાં કહેલું કે કલકત્તા ખાતે સેન્ટ્રલ લેજીસ્લેચરમાં ⅓ જગાઓ મુસલમાનો માટે જુદી રાખવાનું હિંદુઓ કબુલી લેતે તો આજ દેશમાં કેટલું સુંદર વાતાવરણ થાત ? પણ હિંદુમહાસભા-વાદીઓનો કોમીવાદ વચ્ચે આવી ગયો. અને મુસ્લીમોની આ નજીવી માગણીઓ ખોરંભે મુકાઇ."

જો કોઇ સંસ્થા કોમવાદનો ત્યાગ કરવા ચાહતી હોય તો તેણે દરેક વિષયમાં તેની ચર્ચા રાષ્ટ્રીય દષ્ટિએજ કરવી ઘટે. મુસલમાન રાષ્ટ્રવાદીઓ પોતાની કોમ માટે કોમી માગણીઓ મુકે તો મિ. બ્રેલવીની દષ્ટિમાં તે કોમી ન ગણાય પરંતુ હિંદુ રાષ્ટ્રવાદીઓ આ કોમી માગણીઓનો અસ્વીકાર કરે તો તેમનાપર કોમી હોવાનું દોષારોપણ કરવામાં આવે છે. રાતદિવસ મુસ્લીમો રાષ્ટ્રીય ઝભો ઓઢાડી પોતાની કોમી માગણીઓને રાષ્ટ્રીય મનાવવા મથે છે. મિ. બ્રેલવીએ થંડે કલેજે કહી દીધું કે સેન્ટ્રલ લેજીસ્લેચરમાં મુસ્લીમોને ⅓ જગાઓ આપી દીધી હોત તો કેવું સુંદર થાત ? આવી હડહડતી કોમી માગણીઓ કરી મિ. બ્રેલવી હિંદુઓને કોમીવાદ માટે દોષી ઠરાવે છે તો પેલી અંગ્રેજી કહેવત 'વૈદ્ય પ્રથમ તું તારો ઇલાજ કર, એને અનુસરવાનું અમે એમને કહીશું.

મુસ્લીમો આજે હિંદુ યુવકો, હિંદુ રાષ્ટ્રવાદીઓ અને હિંદુ સ્વરાજીસ્ટોને ઉંધા પાટા બંધાવી રહ્યા છે. તેઓ કહે છેઃ અમે કોમીવાદ છોડયો છે. શું તમે હિંદુમહાસભાને નહિ છોડો'! પણ આ ભલા માણસોને પૂછવું જોઇએ કે તમે કોમીવાદ કેવી રીતે છોડયો છે? ત્યારે લાંબા લાંબા ગોળ પ્રત્યુતરો સિવાય તેઓ તેઓ વધારે શું આપવાના હતા? મુસ્લીમો કહે છે કે અમે કોંગ્રેસમાં હવે ભળ્યા છીએ. મુસલમાન થઈ શું અમે એ મોટું કામ કર્યું નથી ?' આ માટે અમે કહીશું કે ના, તમે કંઇ ધાડ મારી નથી.

જ્યારે મુસ્લીમો જુદો મતાધિકાર અને સેન્ટ્રલ લેજીસ્લેચરમાં ⅓ મુસ્લીમ પ્રતિનિધિત્વ અને આવીજ બીજી કોમી માગણીઓ કરવાનું છોડી દેશે ત્યારેજ તેઓ કોમી નથી એમ કહી શકાશે. હમણાં તો રાષ્ટ્રવાદી 'મુસ્લીમો એવાં સ્વપ્નાં સેવી રહ્યા છે કે હિંદુઓ પાસેથી મધ્યવર્તી કારોબારમાં અમે ⅓ મુસ્લીમ પ્રતિનિધિત્વતો મેળવી શકીશું. આ માગણીઓ કરવાનો અર્થ શો ? મુસ્લીમો ફક્ત હિંદુ બહુમતીને પાંગળી બનાવવા માગે છે. તેમના અંતરમાં હિંદુ બહુમતી રાત દિવસ ખુંચે છે. લઘુમતીની રક્ષા કરો એ ઓઠા નીચે આ ખીલાફતી મુસ્લીમો પોતાનો કોમી વાદ છુપાવવા માગે છે. પરંતુ સમજુ હિંદુઓ છેતરાય તેમ નથી.

—આનંદપ્રિય આત્મારામ પંડિત.

પોપલા હિન્દુઓ હવે તો સમજો !

વહેમ અને મૂર્ખતાની હદ

(એક સત્ય ઘટના)

વલસાડમાં થોડાજ વખત ઉપર એક ઉચ્ચ ગણાતા સંસ્કારી અનાવિલ ગૃહસ્થને ત્યાં, તેની સ્ત્રીને સુવાવડમાં હીસ્ટીરીઆ (આંકડી) તથા કષ્ટ થવાથી વહેમને લઈ દવા કરવાને બદલે, ધાતમધૂતપ ઝાડાપીછી કરવા દોડા દોડ કરી મૂકી, થોડાજ વખતમાં એક ગંદા સાંઇને તેડી લાવ્યા. સુવાવડ માટે ઘણે ભાગે અંધારી કોટડી પસંદ કરી ફાટાતૂટાં કપડાં પહેરાવી અર્ધ નગ્ન સ્થિતિમાં રાખવામાં આવે છે. કુલીનતાનો ફાંકો રાખનાર, સ્ત્રીનું કોઇ મોઢું ન જોઇ જાય એટલા ખાતર તેને ઘરની બહાર પણ નીકળવા ન દેવાની કાળજી રાખનાર આ ગૃહસ્થ સુવાવડ વખતની નગ્ન સ્થિતિમાં પેલા ગંદા સાંઇને ઓરડીમાં લઇ આવ્યા. તેણે આ બાઇને આવી સ્થિતિમાં આમ તેમ તપાસી. પીરનું પાણી છાંટી લોબાનનો ધુમાડો આપ્યો, અને પેલા પવિત્ર ગણાતા કુરાનને માથું કમર અને બીજા અવયવો નીચે મૂકી, દોરા ધાગા આપી, વહેમનું પાકું લફરૂં ઘૂસાડી ચાલતો થયો. આજુબાજુની ઘણી સ્ત્રીઓ આ તૂત જોવા ભેગી મળી હતી, તેમની આગળ પેલા સાંઇએ પોતે કરેલા ચમત્કાર ગણાવ્યા, અને ભળતા ભળતા ગૃહસ્થોનાં નામો ગણાવી પ્રભાવ પાડી ચાલતો થયો.

પાછળથી કેટલાકને ખબર પડતાં પેલા ભાઇને તેની મૂર્ખાઇનું ભાન કરાવી ખુબ ઠપકો આપ્યો અને ફળીઆમાં પણ ફજેત કર્યો. એટલે સાંઇને લાવતા અચકાયા. આટલી ફજેતી પછી પણ સાંભળવા પ્રમાણે સાંઇ પાસે બારોબાર જવાની વ્યવસ્થા કરી. સડેલા પીરના પાણીનો પીછો છોડયો નહિ.

ધર્મનો ફાંકો રાખનારા ! ઓ ! પોપલા હિંદુબંધુઓ ! ઓ વટાળ, સ્પર્શથી ધર્મનો નાશ થવાનું માનનારા ભાઇઓ ! તમારી સ્ત્રીઓની બેઇજ્જતીના આવા માર્ગો કયા ભેજામાંથી શોધી કાઢો છો ?

(૨)

ખ્રીસ્તીઓનો ઉંચ ગણાતા હિન્દુઓ ઉપર કાબુ જમાવી વટાળવાનો અખતરો.

મિશન ખાતા તરફથી કંઇ સસ્તી દવા મળતી હોવાથી ધર્મ, વટાળ, આભડછેટ વગેરે ઉંચા મૂકી લોકો દવા માટે દોડાદોડ કરે છે. દવાખાના આગળ મીઠી મીઠી વાતો કરી બાયબલનું પાન કરાવવામાં આવે છે. ખ્રીસ્તીઓના સ્પર્શથી ભાગતા હિન્દુઓને ધીરે ધીરે અડકી સાથે બેસાડવા લાગ્યા છે.

હવે મિશન ખાતા તરફથી હિન્દુ લત્તાઓમાં હિન્દુ મકાનમાં મફત વાચનાલય તથા પુસ્તકાલય શરૂ કરી ઉંચ ગણાતા હિન્દુઓને સહવાસમાં લઇ તેમના ઉપર કાબુ જમાવી ગામડામાં અભણ રાની કોમને પૈસાટકા જમીન ઢોર વગેરેની લાલચ આપી ખુબ જોરમાં વટાળી રહ્યા છે. બેઠા બેઠા માલ ઉડાવનારા રાજવંશી ઠાઠમાં રહેનારા અમારા ગુરુઓ અમારા કરોડો રૂપીઆનો ઉપયોગ હિન્દુ જાતિની રક્ષા માટે કરો અને નાશ થતી હિન્દુ જાતિને બચાવી ધર્મ રક્ષાની ફરજ અદા કરો એજ પ્રાર્થના !

—ઠાકોરભાઇ.

લંકામાં પ્રચાર.

શ્રી॰ પરમ વંદનીય સ્વામી શ્રી. ૧૦૮ શંકરાનંદજી મહારાજ એક મહાન સંન્યાસી છે. ૭ ઉપરાંત વર્ષો તેમણે વૈદિક સભ્યતાનો પ્રકાશ પાડવા માટે યુરોપ અને આફ્રિકામાં ગાળ્યાં છે. સ્વામીજીની માતૃભાષા હિંદી છે છતાં તેઓ ઉર્દુ અને અંગ્રેજીમાં પણ એક કુશલ વક્તા છે. 'મનુષ્ય સેવા એજ પ્રભુ સેવા' એ એમનો જીવનમંત્ર છે. વૈદિક ધર્મનાં સત્યોનો પ્રચાર છેલ્લાં ૪૦ વર્ષોથી તેઓ કરી રહ્યા છે. તેમણે સંસારના દરેક ધર્મનો ઉંડો અને સમાલોચનાત્મક અભ્યાસ કર્યો છે. તેઓ હાલમાં શ્રી રામચંદ્રની વિજય પતાકા વાળી પ્રાચીન લંકાની ભૂમિમાં વૈદિક ધર્મનાં વિશ્વસ્ત સત્યો પ્રચારવા, ફરી રહ્યા છે. તેમણે સંખ્યાબંધ વ્યાખ્યાનો ધર્મની આવશ્યકતા, સ્ત્રીઓનો ધર્મ, વૈદિક સભ્યતા, વેદોની ઉપયોગિતા, ધર્મનો સાચો અર્થ વગેરે વિષયો પર આપ્યાં છે. સેંકડો આ બાલ વૃદ્ધ સ્ત્રી પુરૂષો અને બાળકોએ તેમનાં ભાષણો એકાગ્ર ચિત્તે સાંભળ્યાં છે તેઓશ્રી એક પત્રમાં લખે છેઃ હિંદુઓનો મોટો ભાગ મદ્રાસીઓનોજ છે. તેમના બાપદાદા અહિં આવી વસેલા. અસલી રહેનારા તો સંઘાલીક લોકો છે. તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે. તેમાંના થોડા ખ્રીસ્તી અને થોડા મુસલમાન થયા છે. આ લોકો ઘણાજ શ્રદ્ધાવાન છે. પણ કેવળ દેવતાઓના પૂજનનેજ ધર્મમાની બેઠા છે. ખરા તત્વોથી અજાણ છે. અહિં અસ્પૃશ્યતાનો અને વિધવા વિવાહનો પ્રશ્ન બીલકુલ નથી. બાળલગ્નનો રિવાજ પણ નથી. તાજેતરમાંજ એક ખ્રીસ્તીબાઈ હિંદુ થઇને હિંદુને પરણી છે. એક બીજી હિંદુ બાઇ ખ્રીસ્તીને પરણી છે. પોતાના ખ્રીસ્તી પતિને હિંદુ ધર્મમાં દીક્ષિત કર્યો છે. અંગ્રેજીમાં ભાષણો અપાય નહિ ત્યાં સુધી લોકો વધારે શ્રદ્ધા કરતા નથી. અહીં આવ્યા પછી ઘેરઘેર યજ્ઞહવન કરાવવાનું ચાલુ થયું છે, ને જનોઈ પહેરાવી છે, અને ગાયત્રી મંત્રનો ઉપદેશ નરનારીઓને આપવાનું શરૂ કર્યું છે. આ કામ ચાલુ છે. ...વગેરે.'

પૂ. સ્વામીજીના સ્વધર્મકાર્યના આ પ્રયાસને અમે સ્વફલતા ઇચ્છીએ છીએ અને પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે વૈદિક સભ્યતાના સત્યોની ચોમેર સુગંધી પ્રસારવાનું બળ અર્પે.

નારી-નિર્યાતન.

સહયોગિની 'આનંદ બજાર પત્રિકાનો એક સંવાદદાતા તા. ૨૨ મી જુલાઇએ લખે છે.

તે દિવસે રંગપુર જીલ્લામાં આવેલા ગાઇ બાંધા થાણાના ફલિયા ગામના શ્રી, રામચંદ્રદાસના મકાનમાં મધરાત્રે ૨૦—૨૫ પેઠા, અને તે બીચારાની ૨૦ વર્ષ-બેન શ્રી, નાલિનીબાલા દાસી ઉર્ફે કદમ્બિનીના મોંમાં ડુચા મારી તેને ઉઠાવી ચાલ્યા ગયા. રાતની વેળાએ એકાએક ઘણા માણસોને મકાનપર આક્રમણ કરતા જોઇ સૌએ ધાર્યું કે તેઓ કદાચ ધાડપાડુઓ હશે. એથી ઘરવાળા કિંકર્તવ્ય—વિમૂઢ બની ગયા. જ્યારે ગુંડાઓનો ઇરાદો જણાયો ત્યારે શ્રીરામચંદ્ર દાસનો નાનો ભાઇ ચહાર દીવારીજની વાડતોડી બહાર નિકળ્યો. તે બહાર નિકળ્યો એટલામાં તો ગુંડાઓની ટોળીમાંના કોઇએ જોરથી લાઠી મારી. તે એકદમ બે ભાન થયો. મહોલ્લાનો બીજો કોઇ માણસ તેની મદદે આવી શકયો નહિ, કેમકે ગુંડાઓએ બધા બારણાંઓને બહારથી વાસી દીધાં હતાં. આ શિવાય મહોલ્લાના સઘળા હિંદુનાં મકાનની આગળ હથિઆરોથી સજ્જ થઇને એકેક માણુસ ઉભો હતો. આજ સુધી શોધવા છતાં તે અબળા જડી નથી. એમ કહેવાય છે કે રામદાસનાં નાના ભાઇએ થોડાક ગુંડાને ઓળખ્યા છે. તેથી ત્યાંની પોલિસે ૪ જણને પકડ્યા છે, અને ચોકીમાં રાખ્યા છે, ગુંડાઓમાંથી ત્રણ જણનો પત્તો હજી લાગ્યો નથી. ખબરપત્રી કહે છે કે આ ગુંડાઓમાંનો મોટો ભાગ સ્થાનીય વકિલોના કલાર્કોનો છે. એક જણે તો બધો ગુન્હો કબુલ કર્યો છે, ઉઠાવાયલી તે અબળાની રોજ ગામના ૬૦—૬૦ જણા શોધ કરે છે, પણ પતો લાગતો જ નથી. બધાય લોકો કહે છે કે તે છોકરી બહુજ સચ્ચરિત્રા હતી.'
'હિંદુપંચ.'

આ છે બંગાળની દશા. ગુજરાતમાં પણ ઉત્તર ગુજરાત અને પંચ મહાલમાં આવા સેંકડા કિસ્સા રોજ બને છે. હિંદુઓએ પોતાની આંખ ઉઘાડી અને કાન સાવધાન રાખી ચાલવું જોઇએ.

realpatidar.com

ભીલ ઓરતોનાં અપહરણ.

પોલીસ અમલદારો ધ્યાન આપશે કે?
મુસલમાનોનાં કાવત્રાં.

(૧) રાયસંગપરા તાલુકે ભાલોદના માસ્તર જીભાઇ બીજલ જે અહીંની સરકારીશાળાના માસ્તર છે, જાતે ભીલ છે, તેની ઓરત નામે શીવલીને આંહીના રેવન્યુ ખાતાના હવાલદાર મુસલમાન નામે અનાર ઉમેદે તે બાઇને લાલચ આપી સરકારી ચોરામાં છુપાવી તાળું મારી કબજે કરેલી. બાદ સદર ભીલને દાવો લઇ લેવા વીગેરે કહેલું. તે નહિમાનવાથી સદર ગામના ભીલો ને મુસલમાનોને રાત્રે દશબાર રૂપીયાનો દારુ પાઇને નીકાલ કરવા કહેલું. તે પણ હોળી અને દીવાળીને વાયદે. રૂ. ૮૧) નાં બે કાંધાનું તેના ધણીની મરજી વિરુદ્ધ કામ કર્યું છે.

કેટલાક દિવસ બાદ ભીલ સભાના પ્રમુખને નામે અરજી સદર માસ્તરે મોકલેલી. આ તપાસ માટે તે ગામ જઇ ખાનગી તપાસ કરી બીજે દિવસે તે બાઇએ ખાનગી અમને ખબર મોકલી અને પોતાના ધણીને ત્યાં જવા ખુશી છે એમ જણાવવાથી બાઇને બોલાવી સ્ટેટમેન્ટ લખાવી પંચની રૂબરૂ તે તેના અસલ ધણીને સોંપવામાં આવી. જુબાની ઉપરથી માલુમ પડે છે કે બાઇને મરજી વિરુદ્ધ મીયાંએ ફસાવેલી હતી. આ ગામમાં આશરે એક માણસની વચ્ચે એક મુસલમાને હિંદુઓની આંખમાં ધુળ નાંખી એક હિંદુબાઇને છડેચોક ઘરમાં રાખી, હિંદુઓ જાગશે ખરા કે? કે ભીલોના અપમાન કરવામાંજ બહાદુરી માનશે? રામકૃષ્ણનાં સંતાનો તમારી સાન કયારે ઠેકાણે આપશે?

(૨) ભાલોદ પોલીસ ખાતાનો એક પોલીસ જે નોકરીમાં ચાલુ છે તેણે એક બાઇ પાણી ભરવાનું કામ કરતી હતી તેને ફસાવી ઓરત તરીકે નીકા કર્યાં છે. આવી ભીલ ઓરતોને પોલીસ મુસલમાનો ફસાવે છે. આ શું બતાવી આપે છે? ભીલોને બધા બાપદાદાની મીલકત સમજી બેઠા છે શું? આ બાબતમાં પોલીસ ખાતાના અમલદાર ધ્યાન આપશે કે?

(૩) ભાલોદ ગામનો મુસલમાન નોકર એક ભીલડીને ભગાવી ગયો છે, અને તેને ઓરત તરીકે રાખી છે. તેને નોકરીમાંથી સાંભળવા મુજબ કમી કર્યો છે.

(૪) એક રજપુતભાઇને ત્યાં કામ કરનારી ભીલડીને કે જે માંડવાની વતની છે તેને એક મુસલમાન ફકીર લાલચ આપી ફસાવી બહારગામ તા. ૩—૭—૨૯ ના રોજ ઉપાડી ગયો હતો. તેની તપાસ કરતાં હમણાં તે બાઇને કબજે કરી છે. ફકીર નાસી છુટયો છે. તે બાઇનું નામ ભામી. ફકીરનું નામ સુબરાતી છે. તેનો પતો લીમટે ગામથી મળ્યો છે.

ઉપરની બાબત ધ્યાનમાં લઇ આ સ્ટેટના પોલીસ ખાતાના તેમજ અન્ય અધિકારી વર્ગનું ધ્યાન ખેંચવા માગીએ છીએ. એક પછાત ગણાતી ભીલ કોમની ઓરતોને છડેચોક મુસલમાનો ફસાવી ઉપાડી જાય છે. તેટલું જ નહિ પરંતુ હલકા પગારના કેટલાક પોલીસ ખાતાના મુસલમાન નોકરો ભીલડીઓને ફસાવી ઓરત તરીકે રાખે છે. અને નોકરીમાં ચાલુ રહે છે એ દીલગીર થવા જેવું છે.

—વેલજીભાઈ આર્ય.

વડોદરાના આર્યકુમાર આશ્રમમાંથી ચાલતી પ્રવૃત્તિઓ માટે દાનપ્રાપ્તિ

અમદાવાદ હિંદુ મિશનના મંત્રી પં. માધવેન્દ્રજી નીચલી દાનની યાદી મોકલે છે:

હિંદુ મિશન અમદાવાદમાં—રૂ. ૫) પોપટલાલ ઠક્કર, ૧) ચીમનલાલ માસ્તર, ૫) શંકરલાલ ગીરધર, ૨૫) ગુપ્તદાન હા૦ શ્રી. મધુકરજી, ૧–૮–૦ ગુપ્તદાન૦ ૧) મોતીભાઇ ગીરધર, ૨) પ્રાગજીભાઈ કુલ. ૪૦-૮-૦

એક વર્ષને વાયદે નીચલા ભાઇઓએ પાછા આપી દેવાની શરતે સ્વધર્મ પ્રચાર માટે જાદુઇ ફાનસ લાવવા માટે નીચલી લોન આપી છે તે માટે તેમનો આભારમાનીએ છીએ,

રૂ. ૫૦) પોપટલાલ જયરામ. ૨૫) પંચાલ ભૂલાભાઇ હીરાચંદ, ૧૦) મણિલાલ લલ્લુભાઇ. ૫૦) સોમેશ્વર મંછારામ. ૨૫) મણિલાલ પુરુષોત્તમ. ૨૫ પંચાલ હ[illegible]ભાઇ, ઉપપ્રધાન આર્યસમાજ,

અમદાવાદ નિવાસી શ્રી. પોપટલાલજી દરેક પ્રકારે હિંદુમિશનની સહાયતા કરે છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ.

અમદાવાદ આર્યસમાજના ભૂતપૂર્વ પ્રમુખ સ્વર્ગવાસી ડૉ. પ્રાણજીવનદાસના પુત્ર શ્રી. નટવર લાલજીએ આર્યકુમાર આશ્રમ પુસ્તકાલયને આશરે રૂ. ૨૦૦ ની કિંમતનાં પુસ્તકો ભેટ આપ્યાં છે; તે સાભાર સ્વીકારીએ છીએ. આ કાર્ય માટે ભાઇ શ્રી નટવરલાલને ધન્યવાદ ઘટે છે.

પ્રિયરત્ન, આચાર્ય, આર્યકુમાર આશ્રમ.

અમૃતપુરા ભીલઆશ્રમને આચાર્ય પં. ગોમતી શંકરજી દ્વારા તા. ૩-૨-૨૯ ને દિવસે મળેલા દાનની યાદી: રૂ. ૦-૮-૦ ભૈયા શ્રી નાથરામ કુમાર. ૨) ગણપત કાળુ. ૦-૮-૦ જગનંદન. ૦-૪-૦ ભગવતી તાતીઆ ૦-૪-૦ રાવજી એસુ. ૦-૫-૦ મોરેશ્વર બાલાજી. ૧-૪-૦ દુલભા ભાંગા. ૦-૪-૦ બાણુરામા ૩) શ્રી શંભુ નારાયણ. ૧-૧૨-૦ આરૂ ગોંવીસ કુલ. ૧૦-૧-૦.

આ દાન મુંબઈ નિવાસીશેઠશ્રી દુર્લભજી ખેડાભાઇના પ્રયાસથી મળેલું તે માટે અમે તેમના આભારી છીએ.

અમૃતપુરા ખાતે જુન માસમાં શ્રી. પ્રભુદત્ત આર્ય દ્વારા ભીલઆશ્રમનેમળેલું દાન.

ભરૂચ

૫) ગાંડાલાલ કાળીદાસ. ૦-૮-૦ શામળજી જાદવજી. ૧) કૃષ્ણવલ્લભ રણછોડદાસ. ૧) ખંડેરાવ ગણપતરાવ જગતાપ. ૧) વિઠલદાસ ભગવાનદાસ. ૧-૪-૦ બિહારી હોટેલવાલા. ૧) અંબાલાલ આશારામ. ૦-૮-૦ ડાહ્યાભાઇ બેચરભાઇ. ૨) શ્રીજભૂખણદાસ નાગરદાસની કું. ૧) અનુપંચા ચુનીલાલ. ૧) રતિલાલ છગનલાલ. ૧) પુરૂષોતમભાઇ રણછોડ. ૧) ભીખાભાઇ ગોકળભાઇ. ૦-૪-૦ હીંમતલાલ રણછોડભાઇ. ૦-૮-૦ ભારત મેડીકલ સ્ટોર્સ. ૧) ચતુરભાઇ સોમાભાઇ તંબાકુવાળા. ૦-૪-૦ સુખલાલ માવજી.

ભરાડીયા

૦-૮-૦ પ્રભુ ગોવિંદ. ૧) હીરા પ્રભુ પટેલ. ૧) વલ્લભભાઇ કાનાભાઇ. ૧) ભૂલાભાઇ ભાણાભાઇ. ૧) ભૂલાભાઇ ભવનભાઇ.

ભરૂચ.

૦-૮-૦ મૂલચંદ જીવચંદ. ૨) કલ્યાણજી દેવાભાઇ. ૨) ડાહયાભાઇ રઘુનાથ. ૧) ધનજીભાઇ ડાહયાભાઇ. ૦-૮-૦ એક સદગૃહસ્થ. ૧) વેણીલાલ રણછોડભાઇ. ૦-૪-૦ સવજી ભગવાન. ૦-૪-૦ ખુશાલભાઇ ગીરધર. ૦-૮-૦ મોતીલાલ ગીરધરલાલ. ૦-૮-૦ ચુનીલાલ છોટાલાલ. ૧) કેશવલાલ પુરૂષોતમ. ૦-૮-૦ કાન્તિલાલ નાથાભાઇ. ૧) જયચંદ જીવણભાઇ. ૦-૪-૦ પોપટલાલ લધાભાઇ. ૦-૮-૦ બુકસેલર દેશાઇ બ્રધર્શ. ૦-૪-૦ હીરાલાલ મગનલાલ ૧) ધમકાર કલુરામ. ૦-૮-૦ ઉમલાલ ભેરાજી. ૧) દુર્લભજી પુરૂષોતમ. ૦-૮-૦ ગાંડાલાલ માવજી. ૦-૮-૦ કાળીદાસ રામજી. ૦-૪-૦ ગુજરાત મેડીકલ સ્ટોર્સ.

ભરૂચ.

૧) શેઠ સાવકશાહ સોરાબજી, ૦-૮-૦ છોટાલાલ ડાહ્યાભાઇ, ૦-૪-૦ ચુનીલાલ અમથાભાઇ, ૩) દારાશાહ જેમેંચે સાઈઝી કાપડીઆ, ૧) બાપુલાલ ભગવાનદાસ, ૦-૮-૦ નરસિંહદાસ ગોકળદાસ, ૨) મોતીલાલ કુબેરભાઇ, ૧) હીરાલાલ ઠાકોરલાલ, ૧) ચુનીલાલ ભગવાનદાસ, ૧) અરદેશર બાબરશેઠ, ૧ હિરાલાલ હરજીવનદાસ, ૧) મોહનલાલ મગનલાલ નારીએરવાળા, ૦-૮-૦ ભોગીલાલ કરસનદાસ, ૦-૮-૦ રામજી વીરમ, ૧) ચુનીલાલ વલ્લભભાઇ, ૦-૮-૦ દુર્લભરામ ગંગારામ, ૧) ત્રીભોવનદાસ નરોતમ, ૦-૮-૦ હરિકીશનદાસ લાલભાઇ, ૨) અમૃતલાલ ત્રિભોવનદાસ, ૧) ગુલાબચંદ નાગજીભાઈ, ૧) છોટાલાલ ભાઇદાસ, ૫) ચુનીલાલ વનમાળીદાસ, ૨) જહાંગીરજી જમશેદજી, ૩) લલ્લુભાઇ વમળચંદ, ૦-૮-૦ શાહ કૃષ્ણદાસ બાપાલાલ, ૦-૮-૦ શાહ ઓચ્છવલાલ ત્રિભોવનદાસ, ૦-૮-૦ છોટાલાલ નાથુભાઇ, ૦-૮-૦ લાલભાઇ નારણદાસ, ૧) કાભાઇ અંબાઇદાસ, ૧) નાથાભાઇ બાપુભાઇ, ૧) રામસિંહ માનસીંહ, ૧) મથુરભાઇ પ્રભુદાસ, ૧) કેશવલાલ રાધાકૃષ્ણ, ૧) ભાવસંગ બાપુભાઇ, ૧) નરોતમદાસ

૧૫,૦૦૦.|
રૂપીઆની ૧૦૦
આઠ આનાની ૫૦
ચાર આનાની

વર્તાધર્મસ્તતા જયઃ ।

Regd. No. B. 2131.

હિંદુ ધર્મપત્રિકા.

વાર્ષિક લવાજમ
આઠ આના.
છુટક નકલ ૧ પૈસો.
પોસ્ટેજ જુદું.

બાપુભાઈ, ૧) ભાઈજી જીવાભાઈ, ૧) નાથા કલ્યાણ ૧) વિશ્વનાથ અંબારામ, ૧) શા. નગીનદાસ હરિલાલ, ૧) ઠાકોર નગીનલાલ પુરૂષોતમ, ૧) ફુલચંદ નરસી, ૧) છગનલાલ કલ્યાણદાસ, ૦-૮-૦ મોહનલાલ પુરૂષોતમદાસ, ૦-૮-૦ મગનલાલ ગીરધરભાઈ, ૦-૮-૦ સુંદરલાલ દ્વારકાંદાસ, ૨) ભગવાનદાસ લક્ષ્મીદાસ મીઠાઈવાળા, ૦-૪-૦ વૈદ મોતીલાલ દુર્લભદાસ, ૦-૮-૦ નરોતમલાલ છગનલાલ, ૦-૪-૦ અમરતલાલ મોતીલાલ, ૦-૮-૦ ઇચ્છાલાલ અમૃતલાલ.

ભરૂચ

૦-૪-૦ મોહનલાલ ઉત્તમરામ, ૦-૮-૦ એક સદ્ગૃહસ્થ, ૧) ભોગીલાલ નવનીતલાલ, ૧) ગોપાળદાસ મોતિલાલ. ૦-૪-૦ દરજી ચીમનલાલ કલ્યાણદાસ. ૧) પારેખ દેશાઈ દાદાભાઈ, ૮-૪-૭ પરચુરણદાન કુલ. ૧૦૪-૧-૬.

વસ્તુદાન.

૪-૮-૦ ધીરજલાલ ધોળાકુવા લાકડા ગાડી નંગ-૩. ૨-૨-૦ લલ્લુભાઈ હરજીવનદાસ. કેરી મણ ૧)

માળી ગોવિંદ નારાયણ. માંડવા. બ્રહ્મચારી ઓને એક વખત મિષ્ટાનનું ભોજન આપ્યું.

૬૯-૩-૯ વીજ ભુખણદાસ એન્ડ નાગરદાસની કુંપની. ભરૂચ. ચોખા ગુણ ૨). જુવાર ગુણ ૨) તુવેરની દાલ. ગુણ ૧). તેલનો ડબો નંગ ૧.

કુલ રૂ. ૯૫-૧૩-૯

અબલા આશ્રમ વડોદરાઃ— ૧-૦-૦ ડાહ્યાભાઈ પરસોતમ. ૧-૦-૦ રામેશ્વર ૨૫-૦-૦ નારણજી મોહનજી. કુલ રૂ. ૨૭-૦-૦

આર્યકુમાર મહાસભા વડોદરાઃ—૨૬-૦-૦ નાથાભાઈ ખુશાલભાઈ. ૧-૦-૦ જીવણભગા. કુલ રૂ ૨૭-૦-૦

આર્યકુમાર આશ્રમ વડોદરાઃ— ૦-૮-૦ રામચંદ્ર બાપુજી. ૧૦-૦-૦ બાપુજી શર્મા. ૫-૦-૦ નારણજી મોહનજી. કુલ રૂ. ૧૫-૮-૦

હિન્દુસભા વડોદરાઃ— ૧૦-૦-૦ ચતુર્ભુજ ખીમજી કુલ રૂ. ૧૦-૦-૦

કન્યાવિદ્યાલય ઇટોલા :—આફ્રિકાથી દાનમાં રૂ. ૧૨૦૦;૫૦૦ અને રૂ. ૨૧૩૬ એમ ત્રણ હુંડીઓ અને ચેકના મળી રૂ. ૩૮૩૬ રૂ. ૧૦૦૦૦ શેઠ મનસુખલાલ છગનલાલ તરફથી ઇટોલા કન્યાવિદ્યાલયનાં મકાન બાંધવા માટે દાન રુપે મળ્યા છે.

આર્યકુમાર સાહિત્ય પ્રકાશન સમિતિ તરફથી બહાર પડેલાં પુસ્તકો.

(૧) આભડછેટનો હાઉ.	૦-૧-૦
(૨) ખોજા વૃતાન્ત સાર.	૦-૧-૦
(૩) હડધૂત વિધવાઓ (બીજી આવૃત્તિ)	૦-૧-૦
(૪) આગાખાની દુકાનનાં ભોપાળાં.	૦-૦-૦
(૫) પીરાણાની જાત્રા (વાર્તા)	૦-૨-૦
(૬) આઠીઆ કે મતીઆ (પોલ)	૦-૩-૦
(૭) નાથી કાકીની જાત્રા (વાર્તા)	૦-૦-૩
(૮) યુવકો ક્રાન્તિ કરો.	૦-૧-૦
(૯) શિવાજી રોશનઆરા. (વાર્તા)	૦-૧-૦
(૧૦) વૈદિક દિગ્વિજય. (હિંદી)	૦-૧-૦
(૧૧) વિશ્વાસઘાત (વાર્તા) (બીજી આવૃત્તિ)	૦-૩-૦
(૧૨) મૌલવી સાહેબ ને જગતસિંહ	૦-૧-૦
(૧૩) બંદા બહાદુરનું બલીદાન	૦-૧-૦
(૧૪) એક વીર હિંદુના વીર ઉદ્ગારો	૦-૦-૬

ટીકીટો બીડવી—દરેક પુસ્તકોનાં પોષ્ટેજ જુદાં. 'વિશ્વાસઘાત' અમદાવાદ હિંદુ મિશન ખાડીઆ રાયપુર ચકલામાં મળે છે. બાકીનાં બધાં પુસ્તકો વડોદરા અને અમદાવાદ બંને સ્થળે મળશે. લખો—

શ્રદ્ધાનંદ પુસ્તકાલય.
આર્યકુમાર આશ્રમ, વડોદર

પ્રચારની નવીન દિશા—અમદાવાદ હિંદુમિશન દ્વારા પ્રચાર માટે જાદુઇ ફાનસ દ્વારા ધાર્મિક ઇતિહાસને શુદ્ધિ સંગઠનનાં ચિત્રો બતાવવાનું શરૂ થયું છે. સાથે પં. માધવેન્દ્રજી બહુજ બોધપ્રદ આખ્યાન કરે છે. જેઓ પોતાના વિભાગમાં આ બાલ વૃધ્ધ સૌને આ પ્રયોગો દર્શાવવા ઇચ્છતા હોય તેમણે દશ દિવસ પહેલાં મંત્રી, હિંદુમિશન, ખાડીઆ, રાયપુર ચકલા અમદાવાદ પત્રવ્યવહાર કરવો.

—કારેલીબાગના કાર્યકર્તાઓએ વડોદરા અમૃતપુરા, આર્યનગર, ઇટોલા, સુરત, બાવલા, વાઘોડીઆ. બોરૂ, ખડોલ, હરખાપુરા, ભુર કોઇ, સોનગઢ, વગેરે સ્થળે ગુજરાતમાં શ્રાવણી પર્વ ઉજવ્યું હતું.